### મુંગણીમાંથી ઈંગ્લીશની ૩૬ બોટલ કબજે:

# ચંગાથી પડાણા વચ્ચેના રોડ પર ટ્રકમાં લઈ જવાતી દારૂની ૫૬ બોટલ પકડાઈ

*જામનગર તા.૨૦ : જામનગરના મુંગણી ગામમાં એક શખ્સે પોતાના ઘર પાસે બાવળની ઝાળીમાં સંતાડીને રાખેલી ઈંગ્લીશ દારૂની ૩૬ બોટલ પોલીસે કબજે કરી છે. આ શખ્સ નાસી ગયો છે. ચંગાથી પડાણા પાટીયા વચ્ચે એક ટ્રકમાંથી દારૂની નાની મોટી મળી ૫૬ બોટલ પકડાઈ છે. બે શખ્સની ધરપકડ કરવામાં આવી છે.*

જામનગર તાલુકાના સિક્કા નજીક મુંગણી ગામમાં એક શખ્સ પાસે અંગ્રેજી શરાબનો જથ્થો હોવાની બાતમી મળતા સિક્કા પોલીસ સ્ટેશનના સ્ટાફે પીઆઈ વી.બી. ચૌધરીના વડપણ હેઠળ શનિવારે રાત્રે અઢી વાગ્યે યુવરાજસિંહ કિરીટસિંહ દેદા નામના શખ્સના મકાન પાસે દરોડો પાડયો હતો.

આ સ્થળે ઘર નજીક આવેલી બાવળની ઝાળીઓમાંથી સંતાડીને રાખવામાં આવેલી ઈંગ્લીશ દારૂની ૩૬ બોટલ મળી આવી હતી. પોલીસના દરોડા પહેલા યુવરાજસિંહ નાસી જવામાં સફળ થયો હતો. પોલીસે રૂ.૨૦,૧૯૬ની બોટલ કબજે કરી તેની શોધ આરંભી છે.

જામનગર-લાલપુર માર્ગ પર ચંગા ગામથી પડાણા તરફ જવાના રસ્તા પર ગઈકાલે સાંજે મેઘપર પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા કરવામાં આવી રહેલા પેટ્રોલિંગમાં જીજે-૧૦-ટીવી ૬૫૭૩ નંબરનો ટ્રક પસાર થયો હતો તેને રોકવામાં આવ્યો હતો. આ ટ્રકની તલાશી લેવાતા તેમાંથી ઈંગ્લીશ દારૂની ૧૦ મોટી અને ૪૬ નાની બોટલ મળી આવી હતી. પોલીસે દારૂ, ટ્રક સહિત રૂ.૧૦૧૦૫૨૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ જથ્થા સાથે ગાગવા ગામના નાનભા શિવુભા જાડેજા, સંજયગર જયંતિગર બાવાજીની ધરપકડ કરી છે.

### પત્ની સાથે કામ માટે સુરત જવાની વાત કર્યા પછી

# સિક્કાના વિપ્ર યુવાન ગુમ થતાં પિતાએ પોલીસને જાણ કરી: તપાસ શરૂ કરાઈ

*જામનગર તા.૨૦ : જામનગરના સિક્કાના એક વિપ્ર યુવાન દસેક દિવસ પહેલાં પોતાના ઘરેથી ક્યાંક ચાલ્યા ગયાની પોલીસમાં પિતાએ જાણ કરી છે. આ યુવાન કામ ધંધા માટે સુરત જવા પત્ની સાથે વાત કરતા હતા. તે પછી લાપત્તા બન્યા છે.*

જામનગર તાલુકાના સિક્કા સ્થિત ભગવતી સોસાયટીમાં વસવાટ કરતા ચેતનભાઈ પરસોત્તમભાઈ ઓડીચ નામના પાંત્રીસ વર્ષના યુવાન ગઈ તા.૮ની સવારે કામ પર ગયા પછી રાત્રે પરત નહીં ફરતા તેમના પિતા પરસોત્તમભાઈ કારાભાઈ ઓડીચ સહિતના વ્યક્તિઓએ શોધખોળ શરૂ કરી હતી. જેમાં ચેતનભાઈના પત્નીએ જણાવ્યું હતું કે આ યુવાન અહીં કામ મળતું ન હોવાથી સુરત જવાની વાત કરતા હતા.

આ યુવાન ગઈકાલ સુધી ઘેર પરત નહીં આવતા આખરે પિતાએ પોલીસને જાણ કરી છે. સાડા પાંચેક ફૂટની ઉંચાઈ, મધ્યમ બાંધો, ઘઉંવર્ણો વાન ધરાવતા ઉપરોક્ત તસ્વીરવાળા યુવાન અંગે કોઈને જાણકારી હોય તો તેઓએ સિક્કા પોલીસ સ્ટેશન-૬૩૫૯૬ ૨૭૮૪૪નો સંપર્ક સાધવો. આ યુવાને છેલ્લે સફેદ તથા ચોકલેટી રંગનો શર્ટ બ્લુ જીન્સ ધારણ કરેલુ હતું.

# દેવભૂમિ દ્વારકા જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક

દેવભૂમિ દ્વારકા જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક નિવાસી અધિક કલેક્ટર ભૂપેશ જોટાણીયાની અધ્યક્ષતામાં જિલ્લા સેવા સદન, ખંભાળિયામાં યોજાઈ હતી. બેઠકમાં નેશનલ રોડ સેફ્ટી મંચ 'ની ઉજવણીરૂપે વિવિધ આયોજનો અને જાગૃતિ કાર્યક્રમોની માહિતી મેળવીને સમિક્ષા કરવામાં આવી હતી. વધુમાં જિલ્લામાં માર્ગ સલામતીની સ્થિતિની સમિક્ષા કરીને અકસ્માતો નિવારવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બેઠકમાં નાયબ કલેક્ટર રિદ્ધિ રાજ્યગુરૂ પોલીસ પ્રતિનિધિ તેમજ સમિતિના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

### ૧૦૮ તાત્કાલિક ધસી આવી:

# ખંભાળિયા નજીક જુવાનપર પાસે મોટર રોડ ઉતરી ગઈ: બે વ્યક્તિને થઈ ઈજા

*જામનગર તા.૨૦: ખંભાળિયા નજીક જુવાનપર ગામ પાસે અમદાવાદ પાસીંગની એક મોટર તેના ચાલકના કાબુ બહાર જઈ રોડ ઉતરી આડી પડી ગઈ હતી. તેમાં જઈ રહેલા ત્રણમાંની બે વ્યક્તિને ઈજા થઈ છે. ૧૦૮માં ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડાયા હતા.*

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયાથી ભાટીયા વચ્ચેના રોડ પર આવેલા જુવાનપર ગામ પાસે જીજે-૧-ડબલ્યુ ડી ૮૯૭૭ નંબરની બીઝ મોટર દોડી જતી હતી.

આ મોટરના ચાલકે કોઈ રીતે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા મોટર રોડ નીચે ઉતરી ગોથું મારી ગઈ હતી. તે મોટરમાં રહેલા ત્રણ પૈકીના બે વ્યક્તિને ઈજા થઈ છે. દોડી આવેલી ૧૦૮માં ઈજાગ્રસ્તોને સારવાર માટે ખંભાળિયા દવાખાને ખસેડાયા હતા.

# પરશુરામ ભગવાનની જન્મભૂમિની માટી સાથેના કુંભનું ભવ્ય સ્વાગત

*જામનગર તા. ૨૦: જામનગર નજીક દરેડમાં આવેલ તક્ષશિલા સંકૂલમાં બ્રાહ્મણોના આરાધ્ય દેવ ભગવાન શ્રી પરશુરામજીનું વિરાટ, ભવ્ય અને દિવ્ય મંદિરના નિર્માણકાર્યનો દ્વારકા પીઠાધિશ શંકરાચાર્ય શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજના શુભ આશિષ અને માર્ગદર્શન હેઠળ પ્રારંભ કરવામાં આવ્યો છે.*

આ મંદિરની ભવ્યતા અને દિવ્યતા માટે પરશુરામ પ્રભુની જન્મભૂમિ જાનાપાઉં (મધ્ય પ્રદેશ)થી તેમની જન્મભૂમિની માટી (રજકુંભ) એકત્રિત કરવા યુવા કથાકાર શાસ્ત્રી વિરલભાઈ નાકર, જયેશભાઈ ગોપીયાણી સહિતની ટીમ ગયેલ અને ત્યાંથી રજકુંભ લાવવામાં આવેલ, જે કુંભનું સ્વાગત કુમારીકાઓ દ્વારા પંચેશ્વર ટાવર પાસે કરવામાં આવ્યું હતું આ કુંભનું સ્થાપન અને પરશુરામ દાદાની આરતી મકર સંકાંતિના પવિત્ર દિવસે કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તક્ષશિલા પરશુરામ ધામના આગેવાનો સહિત ભૂદેવોએ કળશ પૂજન તેમ જ આરતીનો લાભ લીધો હતો.

### જામનગર જિલ્લા સંકલન-ફરિયાદ સમિતિની બેઠકમાં

# ધારાસભ્યો- જિલ્લા પંચાયતના પ્રમુખે રજૂ કરેલા લોકપ્રશ્નો અંગે તત્કાલ એક્શન લેવા તાકીદ

*જામનગર તા. ૨૦: જિલ્લા કલેકટર ભાવિન પંડયાના અધ્યક્ષ સ્થાને જામનગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં જન પ્રતિનિધિઓ દ્વારા રજૂ કરાયેલ પ્રશ્નો ધ્યાને લઈ સત્વરે તેનો નિકાલ કરવા લગત વિભાગોને કલેકટરે તાકીદ કરી હતી.*

જામનગર જિલ્લા કલેક્ટર ભાવિન પંડયાના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરીના સભાખંડમાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ધારાસભ્ય હેમંતભાઈ ખવા, મેઘજીભાઈ ચાવડા તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ મેયબેન ગરસર દ્વારા રજૂ કરવામાં આવેલ લોક પ્રશ્નો અને રજૂઆતો પરત્વે સત્વરે જરૂરી કાર્યવાહી હાથ ધરવા લગત અધિકારીઓને જિલ્લા કલેક્ટર દ્વારા સૂચના અપાઈ હતી. બેઠકમાં જન પ્રતિનિધિઓ દ્વારા મહેસુલ, વીજળી, આરોગ્ય, કૃષિ, રોડ રસ્તા, ખાણ ખનીજ, પાણી પુરવઠા વિભાગના પ્રશ્નો, જમીન માપણી અંગેના પ્રશ્નો અને પીજીવીસીએલ અંગેના પ્રશ્નો વિશે ચર્ચા કરાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટરે જન પ્રતિનિધિઓ દ્વારા રજૂ કરાયેલ પ્રશ્નો ધ્યાને લઈ ઉપસ્થિત લગત વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. તેમજ પ્રશ્નોનો સત્વરે નિકાલ આવે તે દિશામાં ત્વરીત કામગીરી હાથ ધરવા તાકીદ કરી લોકોની જરૂરિયાતો અને તેમના પ્રશ્નોને પ્રાથમિકતા આપી સમય મર્યાદામાં કામો પૂર્ણ કરવા અંગે સૂચનો પણ હતા, આ બેઠકમાં અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર સહિત સંકલન સમિતિના સર્વે સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### ડીવાયએસપીના વડપણ હેઠળ પોલીસ કાફલો પહોંચ્યો:

# જિલ્લા જેલમાં પોલીસ દ્વારા હાથ ધરાયું આકસ્મિક ચેકીંગ

જામનગરની જિલ્લા જેલમાં ગઈકાલે સિટી ડીવાયએસપી જે.એન. ઝાલા તેમજ ગ્રામ્ય ડીવાયએસપી આર.બી. દેવધાના વડપણ હેઠળ એલસીબી, એસઓજી, સિટી એ, બી, સી ડિવિઝન તથા પંચકોશી એ અને બી ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા આકસ્મિક ચેકીંગ કરવામાં આવ્યું હતું. જેલની તમામ બેરેકની તલાશી લેવામાં આવી હતી પરંતુ કંઈ વાંધાજનક મળ્યું નથી.

### ટ્રાફિક વ્યવસ્થાપન, રોડ સેફ્ટી, જમીન માપણી સહિત

# જનપ્રતિનિધિઓએ રજૂ કરેલા પ્રશ્નો ઉકેલવા દ્વારકાના ઈન્ચાર્જ કલેકટરની તંત્રને તાકીદ: બેઠકમાં સમીક્ષા

*ખંભાળીયા તા. ૨૦: ઈન્ચાર્જ જિલ્લા કલેકટર એ.બી. પાંડોરના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં જન પ્રતિનિધિઓના પ્રશ્નોનું ત્વરીત નિરાકરણ લાવવા ઈન્ચાર્જ કલેકટરે તાકીદ કરી હતી.*

ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટર એ.બી.પાંડોરની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી સભાખંડમાં સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી.

સંકલન સમિતિની બેઠકમાં ધારાસભ્યના પડતર પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરી અધિકારીઓ પાસેથી જવાબો મેળવ્યા હતા. બેઠકમાં સિંચાઈ, પાણી પુરવઠો, વીજ વિભાગ, માર્ગ અને મકાન, આરોગ્ય, રેલવે સહિતના વિવિધ વિભાગોના પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરી પડતર પ્રશ્નો તાકીદે પૂર્ણ કરવા તેમજ યોગ્ય પ્રત્યુતર પાઠવવા સૂચના આપી હતી. ઉપરાંત નાગરિકની સમસ્યાઓને અગ્રતા આપી તાકીદે નિરાકરણ લાવવા અધિકારીઓ તથા કર્મચારીઓને સૂચનાઓ આપી હતી. ઉપરાંત જન પ્રતિનિધિઓ દ્વારા રજૂ કરવામાં આવેલ ગ્રામ્ય વિસ્તારોમાં વીજ સમસ્યા, ટ્રાફિક વ્યવસ્થાપન, રોડ સેફ્ટી, જમીન માપણી જેવા વિવિધ મુદ્દે વિગતવાર સમીક્ષા કરી યોગ્ય કાર્યવાહી કરવા ઈન્ચાર્જ કલેકટરે તાકીદ કરી હતી.

જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં ધારાસભ્ય હેમંત ખવા, નિવાસી અધિક કલેકટર ભૂપેશ જોટાણીયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક એચ.એ.જોશી, પ્રાંત અધિકારી કે.કે.કરમટા, નાયબ કલેકટર રિદ્ધિ રાજ્યગુરુ, જન પ્રતિનિધિ પી.એસ. જાડેજા સહિત અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### મુંબઈમાં શુટીંગ દરમિયાન શાળાના આચાર્ય સાથે પહોંચ્યા

# "પરીક્ષા પે ચર્ચા" ની પેનલ ડિસ્કશન માટે જામનગરના કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિની પસંદગી

*જામનગર તા. ૨૦: બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પરીક્ષાના તણાવથી દૂર રહી શકે અને તણાવ મુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, તેમના માતાપિતા અને શિક્ષકો સાથે વાર્તાલાપ કરે છે.*

વર્ષ ૨૦૨૫માં આ કાર્યક્રમની આઠમી કડીનું આયોજન કરવામાં આવશે. આ પહેલા વિવિધ ટોપિક પર ગ્રુપ ડિસ્કશન કરવા માટે વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. જેમાં ગુજરાત રાજ્યમાંથી ૩ વિદ્યાર્થીઓ પૈકી જામનગર જિલ્લાની વિદ્યાર્થિનીની પણ પસંદગી કરાઈ હતી, અને તેઓના એસ્કોર્ટ ટીચર તરીકે પણ જામનગરના જ શિક્ષકની પસંદગી કરવામાં આવી હતી.

જામનગરની શ્રી જી.એસ. મહેતા મ્યુનિ. કન્યા વિદ્યાલયમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની જાડેજા અપેક્ષાબા અને તે જ શાળાના આચાર્ય હીનાબેન કે. તન્ના યશરાજ સ્ટુડિયો મુંબઈમાં પહોચ્યા હતા અને પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ અંતર્ગત વિવિધ નિષ્ણાતો સાથે આયોજિત પ્રિ-શૂટમાં વિદ્યાર્થિનીએ ગ્રુપ ડિસ્કશનમાં ભાગ લઈ શાળા પરિવારનું ગૌરવ વધાર્યું હતું. તે બદલ જિલ્લા શિક્ષણ અધિકારી વિપુલ મહેતા અને શિક્ષકો દ્વારા તેણીને અભિનંદન અને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

### લાલપુર માર્કેટ યાર્ડ

| | |
|---|---|
| મગફળી જીણી | ૧૦૨૭..૧૦૩૨ |
| મગફળી જાડી | ૯૮૫ ...૧૦૩૦ |
| કપાસ | .....૧૩૫૦ ...૧૪૮૫ |
| ઘઉં | .....૪૮૫ .....૫૦૦ |
| મગ | .....૧૫૦૦ ...૧૬૨૦ |
| અળદ | .....૯૯૦ ...૧૨૫૧ |
| સોયાબીન | ...૭૫૩ .....૭૯૦ |

## સંક્ષિપ્ત સમાચાર

- ★ રાહુલ ગાંધીએ લોન્ચ કર્યું વ્હાઈટ ટી-શર્ટ આંદોલન.
- ★ સીઆરપીએફના નવા ડીજી તરીકે જ્ઞાનેન્દ્ર પ્રતાપસિંહની નિયુક્તિ કરી.
- ★ પ્રયાગરાજ કુંભ: ગીતા પ્રેસની શિબિરમાં સિલિન્ડર બ્લાસ્ટ: ૧૮૦ કોટેજ ખાખ.
- ★ ખો-ખો વર્લ્ડ કપમાં ભારતની મહિલા અને પુરૂષ ટીમ બની વિજેતા.
- ★ કટરા-શ્રીનગર રેલવે લાઈન પર બાવીસ બોગીઓવાળી ટ્રેનનું પહેલું સફળ ટ્રાયલ રન પૂર્ણ.
- ★ દક્ષિણ કોરિયા: રાષ્ટ્રપતિની ધરપકડના વિરોધમાં હિંસા ફાટી નીકળી.
- ★ યુદ્ધ વિરામ પછી હમાસે ૩ બંધક અને ઈઝરાયલે ૯૦ કેદીને મુક્ત કર્યા.
- ★ ભારતના સ્ટાર જેવલિન થ્રોઅર અને 'ગોલ્ડન બોય' નિરજ ચોપડાએ હિમાની સાથે લગ્ન કર્યા.

### હરીપર-મેવાસામાં અરેરાટી:

# વેલ્ડીંગ કરતી વખતે શોર્ટ લાગી જતાં યુવાનનું મોત

*જામનગર તા.૨૦ : કાલાવડના હરીપર-મેવાસા ગામમાં ઈલેક્ટ્રીક શોર્ટ લાગી જતાં વેલ્ડીંગ કરી રહેલા યુવાનનું મૃત્યુ થયું છે.*

કાલાવડ તાલુકાના હરીપર મેવાસા ગામના સિરાજ સલીમભાઈ સમા નામના ૧૮ વર્ષના યુવાન શનિવારે હરીપર મેવાસામાં જ રહીમભાઈ હાજીભાઈ હાસાણીના મકાનમાં વેલ્ડીંગ કામ કરતા હતા.

ત્યારે તેઓને કોઈ રીતે અચાનક હાથમાં ઈલેક્ટ્રીક શોર્ટ લાગી જતા સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલા સીરાજનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે. ઈકબાલબાઈ મહેમદભાઈ સમાએ પોલીસને જાણ કરી છે.

### રૂ.૧૦ લાખનો દંડ:

# ચેક પરતના કેસમાં આરોપીને છ મહિનાની કેદની અપાઈ સજા

*જામનગર તા.૨૦ : જામનગરના એક આસામીને રૂ.૧૦ લાખના ચેક પરતના કેસમાં અદાલતે છ મહિનાની કેદની સજા ફટકારી છે.*

જામનગરમાં રાજપાર્ક પાછળ આવેલી રંગમતી પાર્ક ૪માં રહેતા ભરત વસરામભાઈ પરમારે ધંધા માટે કુલદીપસિંહ જાડેજા પાસેથી સંબંધદાવે રૂ.૧૦ લાખ હાથઉછીના મેળવ્યા હતા. તે રકમની પરત ચૂકવણી માટે ભરતભાઈએ ચેક આપ્યો હતો.

તે ચેક પરત ફરતા કુલદીપસિંહે અદાલતમાં ફરિયાદ નોંધાવી હતી. તે કેસ ચાલી જતા અદાલતે આરોપીને છ મહિનાની કેદની સજા અને ચેકની રકમ મુજબનો દંડ ફટકાર્યો છે. આ કેસમાં ફરિયાદી તરફથી વકીલ અશોક ગાંધી રોકાયા હતા.

### એક આસામીનું બાઈક ઉપડી ગયું:

# બે વિદ્યાર્થિનીના બેગમાંથી મોબાઈલ-ટેબ્લેટની ચોરી

*જામનગર તા.૨૦ : જામનગરના જી.જી. હોસ્પિટલ રોડ પરની એક આસામીનું બાઈક અડધી કલાકમાં ચોરાઈ ગયું છે. જ્યારે સોડા પીવા ગયેલા બે વિદ્યાર્થિનીના આયુર્વેદ યુનિવર્સિટી પાસેથી મોબાઈલ, ટેબ્લેટ ઉપડી ગયા છે. પોલીસે તપાસ આદરી છે.*

જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં નાથેરવાસ પાસે રહેતા રાહુલ મનજીભાઈ પરમાર નામના આસામીએ ગઈ તા.૧૧ની બપોરે જી.જી. હોસ્પિટલની સામે રોડ પર પોતાનું જીજે-૧૦-સીએમ ૫૪૪૯ નંબરનું હીરો મોટર સાયકલ મૂક્યું હતું. ત્યાંથી રૂ.૩૦ હજારનું આ વાહન કોઈ શખ્સ હંકારી ગયો છે.

જામનગરની આયુર્વેદ યુનિવર્સિટીમાં રહી અભ્યાસ કરતા મૂળ જુનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના મેસવાણ ગામના કોરમબેન અમૃતલાલ કનેરીયા શનિવારે સવારે યુનિ. નજીક આવેલી એક દુકાને પોતાની મિત્ર સાથે સોડા પીવા ગયા ત્યારે કોરમબેનના પર્સમાં રાખવામાં આવેલો મોબાઈલ અને તેમની બહેનપણીનું ટેબ્લેટ કોઈ શખ્સ કાઢી ગયો છે.

**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**રેલવે હોસ્પિટલ માટે વિદ્યુત સુધારણા કાર્ય**

ટેન્ડર નોટિસ નં. DRM-RJT-E-Tender-2024-2025/30 (EL) તા. 17.01.2025; ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001; વેબસાઈટ ની વિગત: www.ireps.gov.in; ટેન્ડર નં. DRM-RJT-EL-2024-25-30. (i) કામનું નામ: રાજકોટ ડિવિઝન ડિવિઝનલ હોસ્પિટલ રાજકોટ ખાતે રેલવે હોસ્પિટલ માટે વિદ્યુત સુધારણા કાર્ય (ii) અંદાજિત ખર્ચ: ₹ 40,24,887/- (iii) અર્નેસ્ટ મની: ₹ 80,500/- (iv) બીનબાઈન ખરીદી માટેની તારીખ અને સમય: તા. 17.02.2025 ના 15:00 કલાક સુધી. (vi) IPSM No. 15.04.64.24.3.53.005)

અમને ફોલો કરો: facebook.com/WesternRly-અમને ફોલો કરો: x.com/WesternRly 180

BEFORE AFTER
હેર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી દર્દીના કોસ્મેટીક અને મહત્વની ડોક્ટર પાસેથી જ કરાવવી જોઈએ. નહીં : Adiva Center For Skin Hair And Laser
ડૉ. હર્ષિત રાણપરા M.D, DVD
(Diplomate - અમેરીકન બોર્ડ ઓફ હેર રીસ્ટોરેશન સર્જરી)
ADIVA centre for skin and hair
મેડીપોલીસ કોમ્પલેક્ષ, ૨જો માળ, ૪-મનહર પ્લોટ, વિજયનગર મેઈન રોડ, રાજકોટ.
81607 28372 | 99257 73435
www.adivaclinic.com

**જોઈએ છે**

**બ્રાસ ઉદ્યોગ માટે મહિલા ઉમેદવારની જરૂર છે**

સ્થળ : કનસુમરા
અનુભવ : ટેલી માં ૩ વર્ષ
સમય : સવારે ૯ થી સાંજના ૬
અરજી કરો pragatimetal212@gmail.com

**પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન**

**વિદ્યુતીકૃત રેલવે ટ્રેકની આસપાસ પતંગ ચગાવવાના સંદર્ભમાં સાર્વજનિક સૂચના**

જાહેર જનતાને જાણ માટે સૂચના આપવામાં આવે છે કે ભાવનગર ડિવિઝનના સુરેન્દ્રનગર-પીપાવાવ, રાજુલા-મહુવા, ધોળા-ભાવનગર, સિહોર-પાલિતાણા, કાનાકુસ-પોરબંદર, ઢસા-જેતલસર, જેતલસર-વાંસજાળીયા, રાજકોટ-વેરાવળ, સાબરમતી-મોરૈયા અને ભીમનાથ-બોટાદ સેક્શનો પર ઓવરહેડ વોલ્ટેજ વિદ્યુત તારોના માધ્યમથી 25000 AC વોલ્ટ પર રેલવે ટ્રેકને વિદ્યુતીકૃત કરવામાં આવેલ છે. ત્યાં ઓવરહેડ ટ્રેકશન તારોમાં ફસાયેલા પતંગો અને દોરાઓને હટાવવા માટેનું કાર્ય જોવા મળે છે. જેનાથી માનવ જીવનને નુકશાન થઈ શકે છે. 25000 વોલ્ટ ઓવર હેડ ટ્રેકશન તારો પર ફસાયેલા પતંગો અને દોરાઓને નિકાળતા સમયે માનવ જીવન માટે જોખમ બની રહે છે અને ઓવરહેડ ટ્રેકશન તાર તૂટી શકે છે. જેનાથી રેલવે આવાગમન ગંભીરરૂપથી બંધ થઈ શકે છે અને માનવજીવનને નુકશાન પહોંચી શકે છે. તદઉપરાંત આ પણ સૂચના આપવામાં આવે છે કે કેટલાક પતંગના દોરા ધાતુ પાવડર કોટિંગથી યુક્ત હોય છે. જેના કારણે ઓવર હેડ ટ્રેકશન તારો ભોએયઈની આસ-પાસ પતંગ ચગાવતી સમયે માનવ જીવનને નુકશાન પહોંચી શકે છે. આથી જાહેર જનતાને વિનંતી છે કે તે રેલવે ટ્રેકની સમીપ પતંગ ચગાવવા/રેલવેના હાઈ વોલ્ટેજ ટ્રેકશન તારો પરથી પતંગ કાઢવાદોરા પર ધાતુ પાવડર કોટિંગનો ઉપયોગ કરવાથી બચો કેમકે તેનાથી માનવ જીવનને જોખમ થઈ શકે છે તથા અન્ય લોકોને પણ આવું ન કરવા સલાહ આપવામાં આવે છે.

ધન્યવાદ

અમને ફોલો કરો: facebook.com/WesternRly-અમને ફોલો કરો: x.com/WesternRly 180